ઈમિગ્રેશન

# ઉચ્ચ કુશળતા ધરાવતા કામદારો-એચ-વનબી રોજમદારોને અસર કરતા એચ-વનબી વિઝા પ્રોગ્રામમાં મહત્ત્વના ફેરફારો સૂચવતું ડીએસએચ

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ (ડીએસએચ) ઉચ્ચ



માઈકલ ફુલવાની



ડેવિડ એચ. નાચમેન



લુડકા ઝિમોવકાક

કુશળતા ધરાવતા કામદારો-એચ-વનબી રોજમદારોને અસર કરતા એચ-વનબી વિઝા પ્રોગ્રામમાં મહત્ત્વના ફેરફારો સૂચવે છે. એચ-વનબી વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વર્ક વિઝા છે જે ખાસ પ્રકારના વ્યવસાયમાં આંતરરાષ્ટ્રીય કામદારોને અમેરિકા આવવાની અને યુએસ કોર્પોરેશનમાં પે રોલ પર જવાની મંજૂરી આપે છે. સ્પેશિયલિટી ઓક્યુપેશન એવો વ્યવસાય છે જેમાં સ્નાતકની પદવી અથવા અમેરિકામાં તેને સમકક્ષ પદવીની જરૂર પડે છે, સ્પેશિયલિટી ઓક્યુપેશનમાં સાયન્સ, મેડિસિન, હેલ્થકેર, એજ્યુકેશન, બાયોટેક્નોલોજી, કોમ્પ્યુટર ટેક્નોલોજી, બિઝનેસનો સમાવેશ થાય છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએ) નવા નિયમોને ધ્યાનમાં રાખે છે જે એચ-વનબી વિઝા એક્સટેન્શન મેળવવામાંથી વિદેશી કામદારોનું રક્ષણ કરતા હોય છે, જ્યારે તેઓની ગ્રીનકાર્ડની અરજીઓ પેન્ડિંગ હોય છે. યુએસ કોંગ્રેસ દ્વારા જો દરખાસ્ત પસાર થશે તો, અમેરિકામાં કામ કરતા હજારો ઉચ્ચ કુશળતા ધરાવતા વિદેશી વ્યાવસાયિકો પર તેની અસર પડવાની સંભાવના છે.

ટ્વેન્ટી-ફર્સ્ટ સેન્ચુરી એક્ટ ઓફ ૨૦૦૦ (એસી-૨૧), પીએલ ૧૦૬-૩૧૩, ૧૦૬ (એ)માં અમેરિકન કોમ્પિટિટિવનેસના સેક્શન ૧૦૬ (એ)માં સૂચિત બદલાવ આવ્યો છે, જે છ વર્ષના એચ-વનબી માન્ય સમય (એક વર્ષના ઈજાફામાં)થી વધારે એચ-વનબી વિઝાના વિસ્તરણની મંજૂરી આપે છે અને લેબર સર્ટિફિકેશન, આઈ-૧૪૦, અથવા રોજગારઆધારિત એડજસ્ટમેન્ટ એપ્લિકેશન પૂરી પાડે છે, અને છ વર્ષ એચ-વનબી વેલિડિટીના અંતમાં લગભગ ૩૬૫ દિવસ અગાઉ ફાઈલ કરાયેલી હોય છે.

આ દરખાસ્ત પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના 'બાય અમેરિકન, હાયર અમેરિકન' ઝુંબેશનો હિસ્સો છે, જે તેમણે ૨૦૧૬ના પ્રમુખપદની ચૂંટણીપ્રચાર દરમિયાન આપ્યો હતો. જો આ દરખાસ્ત કોંગ્રેસ દ્વારા પસાર કરવામાં આવશે, તો નવી દરખાસ્તો યુનાઈટેડ સ્ટેટ્સમાં હજારો ટેક્નોલોજી કર્મચારીઓ માટે 'સ્વ-દેશનિકાલ જેવી પરિસ્થિતિનું સર્જન' કરશે, જે અમેરિકનો માટે રોજગારી ઊભી કરશે તેમ તાજેતરમાં હોમલેન્ડ સિક્યુરિટી સત્તાવાળાઓ દ્વારા તાજેતરમાં જણાવવામાં આવ્યું હતું.

ઉચ્ચ કુશળતા ધરાવતા વિદેશી કામદારો, તેઓના પરિવારજનો તેમ જ તેઓના રોજગારદાતાઓ પર આની બહુ જ જબરજસ્ત અસર પડશે. અમેરિકામાં રહેવાની અને કામ કરવાની વૈકલ્પિક કાયદાકીય વ્યૂહરચના જરૂરી બની શકે છે.

આ પ્રકારના તબક્કામાં, માહિતી ફક્ત 'અફવા' છે અને તે અનુમાનથી બીજું કંઈ જ નથી. જોકે, એનપીઝેડ લો ગ્રુપ, પી.સી. નવા નવા જે કંઈ ઘટનાક્રમ સર્જાતા જશે તે વિશેની તમામ માહિતી આપવાનો પ્રયાસ કરશે.

યુએસ ઈમિગ્રેશન એન્ડ નેશનલિટીને લગતા કાયદાઓની તમારા પર, તમારા પરિવાર, તમારા મિત્રો, તમારાં સગાંસંબંધીઓ પર કેવી અસર પડી શકે છે તે વિશે વધુ માહિતી માટે તમે અમારા ઈમિગ્રેશન એન્ડ નેશનલિટી લોયર્સ અથવા એટર્નીઝ સાથે વાત કરી શકો છો અથવા નાચમન ફુલવાની ઝિમોવેક (એનપીઝેડ) લો ગ્રુપ, પી. સી.નો ઈ-મેઈલ info@visaserve.com પર સંપર્ક કરી શકો છો અથવા ૨૦૧-૬૭૦-૦૦૦૬ (૧૦૭) પર ફોન કરી શકો છો અથવા અમારી લો ફર્મની વેબસાઈટ www.visaserve.com નિહાળી શકો છો.